## વાત ગાંધીનગરની

ઝરમર ઝરમર વરસાદથી ગાંધીનગર હીલ સ્ટેશનનો અહેસાસ કરાવે છે. કચેરીઓ અને વ્યવસાયકારો માટે સપ્તાહનો આરંભ હોવાથી સવારથી સાંજ સુધી વરસાદી માહોલમાં પણ અવરજવર વ્યાપક રહી હતી.

**ખોદ્યો ડુંગર અને કાઢ્યો ઉંદર**

પાટનગરમાં આજે આવો જ કંઈક ઘાટ ઘડાયો... શિક્ષિત બેરોજગારોની સૂચિત રેલીના પગલે ઉત્તર ગુજરાતના ચાર જિલ્લાઓમાંથી પંદરસો પોલીસ ખડકાઈ હતી. સવારનો તો માહોલ જાણે કે શહેર ઉપર આતંકવાદીઓ ત્રાટકવાના હોય એવો હતો. શહેરને જોડતા માર્ગોથી માંડીને આંતરિક માર્ગો સુધી પોલીસ જ પોલીસ હતી પરંતુ બપોરે જ્યારે પોલીસની સત્તાવાર યાદીમાં જણાવાયુ કે ૧૨ આંદોલનકારીઓની અટકાયત કરાઈ છે ત્યારે એમ થાય કે આટલો મોટો બંદોબસ્ત માત્ર આટલા જ આંદોલનકારીઓને પકડવા જ હતો કે આંદોલનકારીઓ ગભરાઈ ગયા હતા.

**કોરોના ધીમી પણ મક્કમ ગતિએ આગળ વધે છે**

ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના વાયરસનુ સંક્રમણ ધીમી પણ મક્કમ ગતિએ આગળ વધતુ હોય એવુ લાગી રહ્યુ છે. છેલ્લા દસ દિવસથી દરરોજ પંદરથી વીસ પોઝીટીવ કેસ નોંધાય છે. શહેર કરતા ગ્રામીણ વિસ્તારમાં કેસની સંખ્યા ત્રણ ગણી છે. ગાંધીનગરની આસપાસના ગ્રામીણ વિસ્તારના નોકરીયાતો અમદાવાદમાં રોજગારી માટે જતા હોવાથી ચેપગ્રસ્ત બને છે અને સંક્રમણની ગતિ વધે છે. અનલોક-૨ નું પ્રથમ સપ્તાહ કદાચ વેપાર-ધંધા માટે પાંચ-સાત ટકા વધારો બતાવતુ હશે પણ પોઝીટીવ કેસમાં વીસથી પચ્ચીસ ટકાનો વધારો બતાવે છે જે ચિંતાજનક છે.

**સચિવાલયમાં મુલાકાતીઓની સંખ્યા ઓછી રહી**

મંત્રીઓને જાહેર જનતા મળી શકે તે માટે સોમવાર નિયત કરાયો છે પરંતુ સૌરાષ્ટ્રમાં જળબંબાકાર અને મહાનગરોમાં કોરોના સંક્રમણ વધવાથી મુખ્યમંત્રી સહિત મંત્રીઓની ચેમ્બરોમાં મુલાકાતીઓની સંખ્યા ખુબ જ ઓછી રહી હતી. મુખ્યમંત્રી પણ બપોરે ત્રણથી પાંચ સચિવાલયની કચેરીમાં હાજર રહી સૌરાષ્ટ્રના વરસાદની અને કોરોનાથી સ્થિતિ અંગે અધિકારીઓ સાથે સમિક્ષા કરી હતી. મોડી સાંજે કોર કમિટીની બેઠક પણ યોજાઈ હતી.

**ટોક ઓફ ધ સચિવાલય...**

સ્વર્ણિમ સંકુલમાં કેબીનેટ કક્ષાના મંત્રીના અંગત સચિવને ધારાસભ્ય બનવાનુ સમણું જાગ્યુ છે. તેમણે પેટા ચૂંટણીમાં ટીકીટ પણ માંગી છે. ટીકીટ મળશે કે નહી મળે તે પક્ષ નક્કી કરશે પણ સ્વર્ણિમ સંકુલમાં અને સંબંધિત વિભાગોમાં આ સંદર્ભે ચર્ચા જોરશોરથી ચાલતી હતી. એકાદ-બે દિવસમાં ધડાકો થાય પણ ખરો.

**અને છેલ્લે...**

વરસાદના આગમને શહેરમાં ઠંડક ફેલાવી દીધી. સૌ કોઈ ખુશ ખુશાલ બની ગયા. આખો દિવસ ઝરમર વરસાદ વરસતો રહ્યો. જો કે સોશીયલ મીડિયા પર વરસાદની એન્ટ્રી ધમાકેદાર રહી. આખો દિવસ વિવિધ વોટ્સએપ ગ્રુપમાં અને અન્ય સોશીયલ મીડિયા એકાઉન્ટસ પર વરસાદી શાયરીઓ, ક્વોટ્સ અને તસવીરોની આપલેની ભરમાર રહી.

# શહેરમાં ઝરમરિયા વરસાદથી ઠંડક

**છેલ્લા બે ત્રણ દિવસથી આકાશમાં કાળા ડીબાંગ વાદળો ગોરંભાય છે પરંતુ મેઘરાજા મનમુકીને વરસતા નથી : શહેરમાં એક મહીનામાં ૬ ઇંચ વરસાદ નોંધાયો**





ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં છેલ્લા બે ત્રણ દિવસથી વરસાદી નઝારો નિખરે છે. પરંતુ મેઘરાજા મનમુકીને વરસતા નથી આજે પણ સવારથી જ આકાશમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયા હતા આ દરમિયાન ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. છેલ્લા એક મહીનામાં શહેરમાં ૬ ઈંચ વરસાદ થયો છે. વરસાદી વાતાવરણથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દિવસના અંતે માત્ર ૪.૫ મી મી વરસાદ વરસ્યો હતો. મેઘરાજા મનમુકીને વરસે તેવી આશ સાથે નગરજનો રોજ નભ તરફ મીટ માંડરે છે.

ગાંધીનગરમાં મોસમનો મિજાજ બદલાયેલો જોવા મળે છે. પરંતુ મેઘરાજા મહેર કરતા નથી. છેલ્લા ત્રણ વખતથી વરસાદ સતત હાથતાળી આપી અદ્રશ્ય થઈ જાય છે. આકાશમાં કાળા ડીબાંગ વાદળોનો ઘેરાવો જોવા મળે છે. પરંતુ વરસાદી વાદળો હજુ મન મુકીને વરસતા નથી સમગ્ર રાજયમાં વરસાદની મોસમ જામી છે. સૌરષ્ટ્ર સહીત દક્ષિણ ગુજરાતના વિસ્તારમાં સિઝનનો નોંધપાત્ર વરસાદ થયો છે. જયારે છેલ્લા બે દિવસમાં વરસાદી હેલીથી આ વિસ્તારો તરબતર થઈ ગયા છે. પરંતુ ગાંધીનગરથી હજુ જાણે મેઘરાજા રીસાયેલા હોય તેવો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ. સવારે ઝરમર વરસતા વરસાદે આખો દિવસ નગરજનોમાં આશ જન્માવેલી રાખી હતી પરંતુ દિવસના અંત સુધી વરસાદ વરસ્યો ન હતો. છેલ્લા બે ત્રણ દિવસથી વાદળિયા વાતાવરણ વચ્ચે નગરમાં ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. કેટલાક ઠેકાણે વરસાદી પાણીના ખાબોચિયા ભરાયેલા

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં હળવા વરસાદી ઝાપટાથી ખેતીને નવજીવન : ખેડૂતોમાં આનંદ

**જિલ્લામાં ૫૬ હજાર હેક્ટરમાં ખરીફ વાવણી સંપન્ન : મગફળીનું વિક્રમી વાવેતર ૧૧ હજાર હેક્ટરથી પણ વધુ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં આજે હળવો વરસાદ થતાં ખરીફ વાવણીને જીવતદાન મળી ગયુ છે. જિલ્લામાં આજે હળવા વરસાદથી ખેડૂતો જે ચિંતાતુર બન્યા હતા તેમને રાહત અનુવી છે.

જિલ્લામાં ખરીફ વાવણીની કામગીરી જે હળવી બની હતી તે પાછી હવે વેગીલી બનશે. આજે હળવા વરસાદના ઝાપટાઓ થતાં જમીનમાં પુનઃ ભેજ સંગ્રહ થઈ ગયો છે અને હવે ખેડૂતો વાવણીના કામને વેગવંતુ બનાવશે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૫૬,૬૭૨ હેક્ટરમાં વાવણી કાર્ય સંપન્ન થઈ ગયુ છે. આ વખતે જિલ્લામાં મગફળીના પાકનું વાવેતર ૧૧,૨૩૭ હેક્ટરમાં થયુ છે જે જિલ્લામાં એક નવો વિક્રમ છે. કપાસનું વાવેતર ૧૭,૫૫૨ હેક્ટરમાં થયુ છે. સોયાબીનનું વાવેતર પણ ધીમી ગતિએ વધી રહ્યુ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૪૧ હેક્ટરમાં આ પાકનું વાવેતર થયુ છે અને તે ૧૦૦ હેક્ટરમાંથી વધુ વિસ્તારમાં વાવેતર થશે તેવા અંદાજ છે.

જિલ્લામાં ડાંગરનું વાવેતર ૨૫૦૦ હેક્ટરમાં થયુ છે. જ્યારે ચોમાસુ બાજરીનું વાવેતર ૫૦૦ હેક્ટરથી વધુ થયુ છે. મગ, મઠ અને અડદનું વાવેતર પણ નોંધાયુ છે.

જિલામાં શાકભાજીના પાકોનું વાવેતર પણ ૬૬૦૦ હેક્ટર વિસ્તારમાં થયુ છે. જો કે ઘાસચારાનું વાવેતર પણ ૧૭ હજાર હેક્ટરમાં થવા પામ્યુ છે. ગુવારનું વાવેતર ૮૭૦ હેક્ટરમાં થયુ છે.

આજે થયેલા હળવા વરસાદને કારણે ખેડૂતોમાં રાહતની લાગણી પ્રસરી છે અને આગામી દિવસોમાં સારા વરસાદની આશા ખેડૂતો રાખી રહ્યા છે.

આજે હળવા વરસાદી ઝાપટાઓ વચ્ચે હવામાન ખાતાએ આગામી ૩ દિવસ સુધી વરસાદી માહોલ છવાયેલો રહેશે તેવી આગાહી કરી છે.

## રાજકીય ઉત્તેજના વચ્ચે આજે તાલુકા પંચાયતની સામાન્ય સભા

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે સામાન્ય સભા રાજકીય ઉત્તેજનાઓ વચ્ચે બપોરે મળશે. તંત્ર દ્વારા આ માટેની તૈયારીઓ પણ કરી દેવામાં આવી છે.

**બન્ને પક્ષોના સામસામા આક્ષેપો : રૂપાણી સરકારનો સંવેદનશીલ અને નિર્ણાયક સરકારનો અસલી ચહેરો પ્રજા સમક્ષ આવ્યો છે : કોંગ્રેસ**

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૮ ગામ ભેળવવાના સરકારના નિર્ણય બાદ આ ગામની તાલુકા પંચાયતના સભ્યોના સભ્યપદને લઈ વિવાદ ચાલી રહ્યો છે. આ અંગે સરકારમાં રજુઆત પણ કરવામાં આવી છે પરંતુ આનો કોઈ જ નિર્ણય હજુ સુધી આવ્યો નથી. નવ સભ્યોના સભ્યપદ હદ વધારવાના નિર્ણયની સાથે જ રદ થાય છે પરંતુ આ અંગે કોઈ સ્પષ્ટતાઓ સરકારે પણ હાલ કરવાનું ટાળ્યુ છે. બીજી તરફ મનપાએ પણ અધકચરો ચાર્જ આ ગ્રામ્ય વિસ્તારનો સંભાળ્યો છે. ત્યારે રાજકીય વિવાદો વચ્ચે પહેલીવાર તાલુકા પંચાયતની આ સામાન્ય સભા મળશે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં કોરોનાના વધુ ૨૧ કેસ : વધુ ૪ મૃત્યુ

## શહેરમાં વધુ ૪ કેસ

**સેક્ટર-૭-બી, સે. ૨૨, સે. ૩-એ-ન્યુ અને સે. ૨૯ માંથી કેસ મળ્યા : ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના વધુ ૪ કેસ આજે નોંધાયા છે. આ સાથે શહેરમાં નોંધાયેલા કેસોની સંખ્યા વધીને ૨૩૯ થઈ છે.

શહેરમાં રોજ નવા-નવા વિસ્તારોમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા વધી છે. જો કે શહેરમાં મળી રહેલા કેસોમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્ર રાહત અનુભવી રહ્યું છે.

આજે શહેરમાં સે. ૭-બી, સે. ૨૨, સે. ૩-એ-ન્યુ અને સેક્ટર-૨૯ માંથી કેસો મળી આવ્યા છે. આજે નોંધાયેલા ૪ કેસોમાં ૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે જ્યારે ૧ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

મળતી વિગતો પ્રમાણે એક ૬૯ વર્ષીય પુરૂષ સે. ૭-બી માં રહે છે તેઓ ૧૦ દિવસ પૂર્વે યુ.એન. મહેતામાં દવા લેવા અમદાવાદ ગયા હતા તેમનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ દર્દીના પરિવારના પાંચ વ્યક્તીઓને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

ઝાયડસ કેડિલામાં સુપરવાઈઝરની જોબ કરતા અને ગાંધીનગર સે. ૨૨ ની વાસ્તુ નિર્માણ સોસાયટીમાં રહેતા એક ૩૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને લેખિત બાંહેધરી આપતાં તંત્રએ તેને મંજૂરી આપેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને પણ તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

એલ.આઈ.સી.માં બાવળા ખાતે નોકરી કરતા અને સે. ૩-એ-ન્યુમાં રહેતા ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેઓ નોકરી માટે અપડાઉન કરતા હોવાનું જાણવા મળેલ છે.

આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારી તંત્રને બાંહેધરી આપતાં તંત્રએ તે મંજૂર કરેલ છે. આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૨૯ માં એક ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. મળતી વિગતો પ્રમાણે આ મહિલા અમદાવાદમાં પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવતાં તે સંક્રમિત થઈ હોવાનું જાણવા મળેલ છે.

આ દર્દીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. પરિવારના ૩ સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

## ગ્રામ્ય વિસ્તારમાં ૧૭ કેસ નોંધાયા

**આજે સારવાર દરમિયાન વધુ ૪ દર્દીના મોત : ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા ૫૧ થઈ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી કોરોનાના આજે વધુ ૧૭ કેસ મળી આવ્યા છે. આજે સારવાર દરમિયાન જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૪ દર્દીના મોત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજના ૪ મોત સાથે મૃત્યુઆંક ૫૧ પર પહોંચ્યો છે. આજે કલોલ તાલુકાના બે દર્દી અને દહેગામના એક દર્દીનું સારવાર દરમિયાન મોત થયું છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના કલોલમાં આજે બે મહિલા દર્દીઓના મોત સારવાર દરમિયાન થયા છે. જ્યારે દહેગામમાં પણ એક મહિલાનું સારવાર દરમિયાન મોત થયુ છે. ત્રણેય મહિલા દર્દીઓના અવસાનના સમાચારથી તંત્રમાં અને જિલ્લામાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓના ડેથરેટમાં સતત વધારો થતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે.

મળતી વિગતો પ્રમાણે આ ત્રણેય મહિલા દર્દીઓ કોરોના ઉપરાંત અન્ય બિમારીઓથી પણ પિડીત હતી. જો કે ત્રણેય દર્દીઓના મોત કો-મોર્બિડ ગણવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર તાલુકાના અડાલજમાં પણ એક મહિલાનું મૃત્યુ થયુ છે જેઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે ૬ કેસ ગાંધીનગર તાલુકામાંથી, ૪ કેસ કલોલમાંથી, ૫ કેસ માણસામાંથી અને ૧ કેસ દહેગામમાંથી મળેલ છે.

દહેગામ અર્બન વિસ્તારમાંથી એક ૨૬ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે અને તંત્રએ તેને મંજૂરી આપી છે.

માણસા તાલુકામાં પરબતપુરામાંથી એક ૮૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગઈકાલે મોડી સાંજે તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત અમરાપુર/ખરણામાંથી એક ૬૫ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આ ઉપરાંત માણસા અર્બનમાંથી પણ ત્રણ કેસ મળી આવ્યા છે અને ત્રણેયનો હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

કલોલમાં ગ્રામ્ય અને અર્બન વિસ્તારમાંથી આજે ૪ કેસ મળી આવ્યા છે. કલોલ તાલુકાના

● અનુસંધાન પાન-૭ પર

## ૮૦ વર્ષની વયે કોરોનાને મ્હાત કરી બાપુ વસંત વગડે પહોંચ્યા

ગાંધીનગર, તા. ૬

૮૦ વર્ષની વયે રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા કોરોના સામેનો જંગ જીતી આજે ગાંધીનગરના વસંત વગડે પરત ફર્યા છે.



આજે સાંજે તેમને સ્ટર્લિંગ હોસ્પિટલમાં મેડીકલ ટીમ દ્વારા તાળીઓના ગડગડાટ વચ્ચે રજા આપવામાં આવી હતી ત્યારે બાપુ પણ થોડીક ક્ષણ માટે રોકાઈ ગયા હતા અને જણાવ્યુ હતુ કે મારા સ્વસ્થ થવામાં તમારી સૌની મહેનત રંગ લાવી છે આભાર આપ સૌનો. વાઘેલાએ જણાવ્યુ હતુ કે કોરોનાના સંક્રમણને લઈ તેઓ ઓવર કોન્ફિડન્સમાં રહ્યા હતા. જો કે ક્યાંથી સંક્રમિત થયા તેનો તેમને કોઈ ચોક્કસ અંદાજ નથી પરંતુ છેલ્લા બે-ત્રણ મહિનામાં તેમને રાજ્યનો વ્યાપક પ્રવાસ જરૂર કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લાના ૫૬ હજાર વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ

**ધો -૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને વોટસ એપ ગૃપ, ફેસબુક એપ, દુરદર્શન , યુ ટયુબના માધ્યમથી પણ શિક્ષણ અપાય છે : વોટસ એપ ગૃપના આધારે પણ લર્નિંગ પ્રક્રીયા : કોરોનાનો કહેર ન હોય તેવા વિસ્તારમાં શિક્ષકો રૂબરૂ પહોંચી વિદ્યાર્થીઓની મુશ્કેલી દુર કરે છે : ફોન મારફતે સતત પુછતાછ પણ કરવામાં આવે છે**

ગાંધીનગર તા ૬

કોરોના કાળમાં હાલ કામ સિવાય ઘરની બહાર ન નિકળવા સતત નાગરિકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. જયારે કોરોના કહેરથી બચવા માટે શાળા કોલેજો પણ બંધ રાખવામાં આવી છે. શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ છે ત્યારે વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે હાલ શાળાઓ મારફતે ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. સરકારે પણ હોમ લર્નિંગની પ્રક્રીયાને વેગ આપવા માટે આયોજન કર્યુ છે. ત્યારે હાલ જિલ્લામાંથી ૫૬ હજાર જેટલા વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. દુરદર્શન , યુ ટયુબ, ફેસ બુક એપ , વોટસ એપ ના માધ્યમથી ટીચીંગ લર્નિંગ પ્રક્રીયા આગળ વધી રહી છે.

કોરોનાની મહામારી વચ્ચે શાળા કોલેજો બંધ છે. જયારે હજુ પણ શાળા કોલેજો કયારથી ધમધમતી થશે તે અનિશ્ચિત છે. ત્યારે કોરોના કાળમાં પણ વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે સરકાર દ્વારા હોમ લર્નિંગની પ્રક્રીયાને વેગ આપવામાં આવ્યો છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પુરુ પાડવા માટે શિક્ષકો અને શાળાઓ કાર્યરત છે. નાના ભુલકાઓથી માંડીને ઉચ્ચતર માધ્યમિકના વિદ્યાર્થીઓ હાલ ઓનલાઈન પધ્ધતિના આધારે ઘરેથી જ શિક્ષણ મેળવી રહ્યા છે. હોમ લર્નિંગના કન્સેપ્ટને આગળ ધપાવવા માટે વિદ્યાર્થીઓને યુ ટયુબ , દુરદર્શનના માધ્યમથી પણ શિક્ષણના વર્ગો થકી માર્ગદર્શન આપવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર જિલ્લામાં પણ વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. શાળા કોલેજો બંધ છે. ત્યારે જયાં સુધી પરિસ્થિતિ થાળે ન પડે ત્યાં સુધી વિદ્યાર્થીઓનુ ભણતર ન બગડે

● અનુસંધાન પાન-૭ પર


હાર્દિક અભિનંદન



'વધે નામના એવી અમારી શુભકામના'

દેશની ઉચ્ચત્તમ ન્યાય પ્રણાલીકાના ન્યાય મંદિરમાં આપની ન્યાયાધીશ તરીકે થયેલી નિમણુંકથી અમો ગૌરવ અનુભવીએ છીએ. આપની કારકિર્દીની આ શ્રેષ્ઠ સફરમાં આપ સફળતા પ્રાપ્ત કરો અને દેશ, રાજ્ય અને ગામનું નામ રોશન કરો તેવી હાર્દિક શુભેચ્છા...

શ્રી જયેશકુમાર બી. શર્મા
ત્રીજા એડીશ્નલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટક્લાસ, મોડાસા

લિ.
નાયી મિતુલકુમાર નટવરલાલ
લિમ્બાચિયા જીગ્નેશકુમાર ભરતભાઈ
શર્મા પિયુષકુમાર (સંજય) જગદીશચંદ્ર
ગામ : કોલવડા, તા.જી. ગાંધીનગર

ટચુકડી જાહેર ખબર દર રવિવારે

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com